# થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોવું કર ચરણ કરો ત્યારી૦  ટેક

બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો થાળ૦  1

કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો થાળ૦  2

ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી...જમો થાળ૦  3

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો થાળ૦  4

(પાંચ મિનિટ માનસી કરવી)

ચળું કરો લાવું જળઝારી, એલાયચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી...જમો થાળ૦  5

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદીનો થાળ મુને દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો થાળ૦  6